| GJSN020030842023 | દાખલ તારીખ | ૨૩/૦૮/૨૦૨૩ | | |
| --- | --- | --- | --- | --- |
| | નોંધણી તારીખ | ૨૩/૦૮/૨૦૨૩ | | |
| | ફેસલ તારીખ | ૩૦/૦૯/૨૦૨૫ | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૨ | ૦૧ | ૦૭ |

---

**સુરેન્દ્રનગરનાં મહે. એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુ.સુરેન્દ્રનગર.**

---

**ફોજદારી કેસ નંબર : ૨૧૧૫/૨૦૨૩**
**આંક:**

**ફરીયાદી :–** સંજયભાઇ રતિલાલ પટેલ,
ઉ.વ.આ.૪૯, ધંધો–ખેતી તથા નોકરી,
રહે.બી–૭૦૨, ઓમકાર હાઇટ્સ, અર્બન હેલ્થ સેન્ટર,
નિરાંત ચોકડી, વસ્ત્રાલ, અમદાવાદ તથા
૨૦, પ્રતાપપાર્ક સોસાયટી, ઉમીયા માતાના મંદિર પાસે,
૮૦ ફુટ રોડ, વઢવાણ, જી.સુરેન્દ્રનગર.

**વિરૂધ્ધ**

**આરોપી :–** મહમદહનીફ બાનુશા ફકીર,
ઉ.વ.આ.૫૩, ધંધો–વેપાર,
રહે.એફ.એમ. સિઝનેબલ સ્ટોર, બોરડી બજાર,
ટાવર પાસે, વિરમગામ.

---

**ગુન્હો :–ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ.**

---

---

**ફરીયાદી તરફે::** **વિ.વ.શ્રી પી.એ.ત્રિવેદી**

**આરોપી તરફે ::** **વિ.વ.શ્રી એચ.પી. ચાવડા**

---

**-//જજમેન્ટ//-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, તહોમતદાર ફરીયાદીના મિત્ર થાય છે. ફરીયાદી ખેતી તથા એસ.ટી.માં નોકરી કરે છે અને તહોમતદાર સિઝનેબલ સ્ટોર તથા ડી.જે.નુ કામકાજ કરે છે. ફરીયાદી વિરમગામ મુકામે રહેતા હતા ત્યારથી તહોમતદાર અને ફરીયાદી વચ્ચે મિત્રતાના વિશ્વાસજન્ય સંબંધો છે. તહોમતદારને તેઓના ધંધામાં માલ સામાનની ખરીદી કરવા માટે થઈને નાણાકીય જરૂરિયાત ઉભી થતા તહોમતદારે ફરીયાદી પાસે રૂ.૮,૦૦,૦૦૦/- અંકે રૂપિયા આઠ લાખ પુરાની હાથ ઉછીનાની માંગણી કરતા તહોમતદારને મદદરૂપ થવા માટે થઈને ફરીયાદીએ તહોમતદારને તેઓની માંગણી મુજબની રકમ રૂ.૮,૦૦,૦૦૦/- અંકે રૂપિયા આઠ લાખ પુરા રોકડા હાથ ઉછીના આપેલ અને સદર રકમ તહોમતદારે ફરીયાદી પાસેથી રોકડમાં સ્વીકારેલી અને સદર રકમ સ્વીકારતી વખતે તહોમતદારે ફરીયાદીને સદર રકમ થોડા સમયમાં પરત આપી ચુકવી આપવાનું વચન, વિશ્વાસ અને ભરોષો આપેલો. તેમજ સદર રકમ ચુકવી આપવાનું તહોમતદારે ફરીયાદીને અવાર-નવાર ફોનમાં પણ જણાવેલું છે. બાદમાં તહોમતદારે તેઓના વચન મુજબ ફરીયાદીને તેમની કાયદેસરની લેણી રકમ પરત ચુકવી ન આપતા ફરીયાદીએ તહોમતદાર પાસે સદર રકમની ઉઘરાણી કરતા તહોમતદારે ફરીયાદીને તેમની કાયદેસરની લેણી રકમની પરત ચુકવણી કરવા માટે થઈને તહોમતદારે તેઓના ધી વિરમગામ મર્કેનટાઈલ કો-ઓપ. બેંક લી., વિરમગામ શાખાના ખાતા નં.૧૮૯૮૨ વાળા ખાતામાંથી તા.૧૫/૦૩/૨૦૨૩ ના રોજનો રૂ.૪,૦૦,૦૦૦/- અંકે રૂપિયા ચાર લાખ પુરાનો ચેક નં.૧૨૬૩૭૮ વાળા ચેકમાં તહોમતદારે તેઓની સહી કરી તેમજ ચેકમાં તમામ વિગતો ભરીને ફરીયાદીને આપેલ અને સદર ચેક આપતી વખતે તહોમતદારે ફરીયાદીને વચન, વિશ્વાસ અને ભરોષો આપેલ કે સદર ચેક તમો તમારા

ખાતામાં જમા કરાવશો ત્યારે તમોને તમારી કાયદેસરની ચેક મુજબની લેણી રકમ ચોક્કસ જમા મળી જશે. બાદમાં તહોમતદારના કથન, વચન અને વિશ્વાસ પર ભરોષો રાખી ફરીયાદીએ સદર ચેક તેમની બેંક ઓફ બરોડા, દુધરેજ રોડ, સુરેન્દ્રનગર શાખાના ખાતા નં.૬૭૭૭૦૧૦૦૦૦૮૮૩૪ વાળા ખાતામાં તા.૧૨/૦૬/૨૦૨૩ ના રોજ વસુલાત અર્થે જમા કરાવતા અને જે ચેક તહોમતદારની બેંકમાં ક્લીયરીંગમાં જતા તહોમતદારની બેંકે સદરહું ચેક "**ફંડસ ઈન્સફીસિયન્ટ**"ના શેરા સાથે વગર વસુલાતે તા.૧૪/૦૬/૨૦૨૩ ના રોજ પરત કરેલ અને જેની જાણ ફરીયાદીની બેંકે તેઓને તા.૧૬/૦૬/૨૦૨૩ ના રોજ ચેક રીટર્ન મેમો આપી કરેલ છે. આમ ફરીયાદીને તેમની કાયદેસરની ચેક મુજબની લેણી રકમ વસુલ મળેલ નથી. ત્યારબાદ ફરીયાદીએ તહોમતદારને તેઓના ઉપરોકત સરનામે તા.૧૩/૦૭/૨૦૨૩ ના રોજ રજી.એ.ડી.થી નોટીસ આપેલ અને જે રજી.એ.ડી. નોટીસ તહોમતદારને તા.૧૫/૦૭/૨૦૨૩ ના રોજ ધોરણસર બજી જવા પામેલ છે. તેમ છતાં તહોમતદારે ફરીયાદીને તેમની ચેક મુજબની રકમ ચુકવી આપવાની બદલે ફરીયાદીની નોટીસનો તદ્દન ખોટો મનઘડત અને ઉપજાવી કાઢેલ જવાબ રજુ કરેલ છે. આમ સદર નોટીસની તહોમતદારને જાણ કરેલ હોવા છતાં ફરીયાદીને તેમની કાયદેસરની ચેક મુજબની લેણી રકમ તહોમતદારે આજદિન સુધીમાં ચુકવી આપેલ ન હોય, જેથી હાલની ફરીયાદ દાખલ કરવાનુ કારણ ઉપસ્થીત થયેલ તેથી હાલની ફરીયાદ દાખલ કરવામા આવેલ છે.

(૨) આરોપી સામે સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ જે સમન્સ આરોપીને બજી જતા આરોપી નામદાર કોર્ટમાં હાજર થતા તેની **આંક–૦૭** થી પ્લી રેકર્ડ કરવામા આવેલ જેમા આરોપીને ગુન્હો કબુલ ન હોવાથી તેની સામે ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામા આવેલ.

(૩) ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

## મૌખિક પુરાવો

| ક્રમ | આંક | સાક્ષીઓના નામ. |
|---|---|---|
| ૧ | ૦૪ | સંજયભાઇ રતિલાલ પટેલનું પુરાવાનું સોગંદનામુ |

## દસ્તાવેજી પુરાવો

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૫ | અસલ ચેક |
| ૨ | ૧૬ | ચેક રીર્ટન મેમો |
| ૩ | ૧૭ | રજી. એડી. નોટીસ |
| ૪ | ૧૮ | પોસ્ટલ મની રસીદ |
| ૫ | ૧૯ | એકનોલેઝમેન્ટ સ્લીપ |
| ૬ | ૨૦ | ટ્રેક કન્સાઇનમેન્ટ રીપોર્ટ |
| ૭ | ૨૧ | ફરીયાદીના ખેતીના નમુના નં.૭/૧૨ તથા ૪(અ) |
| ૮ | ૨૨ | હિસાબી ચોપડા |

**(૩.૧)** આરોપીપક્ષે કોઇ મૌખિક કે લેખિત પુરાવો રજુ કરાયેલ નથી.

**(૪)** ફરીયાદીના **આંક-૦૪** ના સોંગદનામા અન્વયે ઉલટતપાસના સ્ટેજ પર કેસ રાખેલ પરંતુ, આરોપી તરફે ફરીયાદીની ઉલટતપાસ લેવાયેલ નથી. ત્યારબાદ ફરીયાદપક્ષે રજુ પુરાવાના અંતે **આંક-૦૯** થી ઉલટતપાસનો હકક બંધ કરવા માટે અરજ કરેલ છે. જે અનુસંધાને ફરીયાદીની ઉલટતપાસ કરવાનો આરોપીપક્ષનો હકક બંધ કરવામા આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી **આંક-૨૩** થી કલોઝીગ પુરસીસ આપવામા આવેલ ત્યારબાદ કેસ એફ.એસ.ના સ્ટેજ પર ઘણા લાંબા સમય સુધી રાખવામા આવેલ. કારણ કે ક્રિમીનલ પ્રોસીઝર કોડ, ૧૯૭૩ ની કલમ-૩૧૩ મુજબનું નિવેદન આપવુ તે આરોપીનો હકક છે અને આરોપી વિરૂધ્ધ જે પુરાવા પર આધાર રાખવામા આવતો હોય તેનો ખુલાસો કરવાની આરોપીને તક મળે છે. નામદાર સર્વોચ્ચ અદાલતે **ઇન્ડિયન બેંક એસોસીયેશન વિ. યુનિયન ઓફ ઇન્ડિયા** ના ચુકાદામા ઠરાવેલ છે કે, આરોપીની પ્લી નોધવામા આવે ત્યારે આરોપીએ ક્રિમીનલ

પ્રોસીઝર કોડની કલમ–૨૫૧ ની જોગવાઈ મુજબ પોતાનો બચાવ રજુ કરવાનો રહેશે અને સાથે જ ધિ નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૫(૨) મુજબ ફરીયાદી તથા તેમના સાહેદોને રીકોલ કરવા માટે અરજી આપવી જોઇશે. જો આરોપી તેમ કરવામા નિષ્ફળ જાય તો કેસ આરોપીના બચાવના પુરાવા માટે રાખવો જોઈશે. હાલના કેસમા આરોપીની પ્લી નોધાય ત્યારે આરોપીએ પોતાનો કોઇ જ બચાવ રજુ કરેલ નથી કે ફરીયાદીને રીકોલ કરવા અરજી આપેલ નથી. તેમજ ઘણા લાબા સમય સુધી ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરતા આરોપીનું વિશેષ નિવેદન નોંધવા માટે સદર કેસ રાખવામા આવેલ પરંતુ આરોપી કે તેના વિ.વ.શ્રી હાજર ન હોય ફરીયાદપક્ષ દવારા **આંક–૩૨** થી એફ.એસ.નો હકક બંધ કરવા માટે અરજી આપવામા આવેલ જે લગત હુકમ કરી વિશેષ નીવેદનનો હકક હાજર થયેથી જેથી તા.૨૧/૦૧/૨૦૨૫ ના રોજ આરોપીના વિશેષ જવાબનો હકક બંધ કરવામા આવે છે. ત્યારબાદ હાલનો કેસ દલીલ ઉપર રાખવામા આવેલ.

**(૫)** ફરીયાદપક્ષના વિ.વ.શ્રી નાઓએ રેકર્ડ મુજબની મૌખીક દલીલ કરેલ છે કે ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબીત કરેલ છે જયારે હાલના આરોપી ધ્વારા ફરીયાદપક્ષના પુરાવાનુ કોઈપણ રીતે ખંડન થયેલ નથી. જેથી આરોપીને તકસીરવાન ઠરાવવા રજુઆત કરેલ છે. જયારે આરોપીપક્ષ તરફે દલીલ માટે કોઈ હાજર રહેલ નથી. જેથી આરોપીની દલીલનો હકક બંધ કરી સબબ કામ ઠરાવ પર લેવામા આવેલ.

**(૬)** રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા નીચેના મુદ્ધા સબબ નિર્ણય કરવો જરૂરી જણાય છે.

**૧.** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે**,** આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શીક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

**૨.**શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમા

૨. આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

(૮) સબબ કામે પુરાવાઓનું મુલ્યાંકન કરતા પહેલા આરોપી સામે આક્ષેપાયેલ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ વંચાણે લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

**The Negotiable Instruments Act-1881, Section 138 :: Dishonour of cheque for insufficiency, etc., of funds in the account.**-Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for [a term which may be extended to two years], or with fine which may extend to twice the amount of the cheque, or with both: Provided that nothing contained in this section shall apply unless-

(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, [within thirty days] of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

Explanation.- For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability.

(૯) આમ, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ નો ગુનો જોઈએ તો તેના તત્વો નીચે મુજબ છે.

૧.કોઈ કાયદેસરના દેવા કે અન્ય જવાબદારી અદા કરવા માટે ચેક આપવામા આવેલો હોવો જોઈએ.

૨.ચેક લખનાર વ્યક્તિના ખાતામાં અપુરતા નાણા ભંડોળના કારણે ચેકનો અનાદર થયેલ હોવો જોઈએ.

૩.ચેક લખ્યા તારીખથી છ માસની સમય મર્યાદામા કલીયર થવા માટે બેંકમા રજુ થયેલ હોવો જોઈએ.

૪.ચેકનો અનાદર થયા બાદ બેંક તરફથી માહિતી મળ્યાના ૩૦ દિવસની અંદર ચેક લખનારને ડિમાન્ડ નોટીસ આપીને ચેકમાની રકમની માગણી કરેલી હોવી જોઈએ.

૫.નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં આરોપી ચેકની રકમ ચુકવણી કરવામા નિષ્ફળ ગયેલ હોવો જોઈએ.

૬.દેવુ કે જવાબદારી કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવી હોવી જોઈએ.

આમ, ઉપરોકત તમામ તત્વો સાબિત કરવામાં ફરિયાદપક્ષ સફળ થાય તો જ આક્ષેપીત ગુન્હામા આરોપીને દોષિત ઠરાવી શકાય.

(૧૦) તેમજ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ની પણ ચર્ચા અત્રે કરવી જરૂરી જણાઈ આવે છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ ધારકની તરફેણમા ધારણાઃ

જયા સુધી વિપરીત સાબિત ન થાય ત્યાં સુધી તે ધારણા કરવામા આવશે, કે ચેકના ધારકે, તેવો ચેક કલમ–૧૩૮ માં સંદર્ભિત કોઈ પણ દેવુ અથવા અન્ય જવાબદારીના સંપુર્ણ અથવા અમુક ભાગના સ્ત્રાવ બદલ પ્રાપ્ત કરેલ છે.

**(૧૧)** ઉપરોકત જણાવેલ કાયદાની જોગવાઈઓ ધ્યાને રાખી સદર કામે પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૫ અન્વયે **આંક–૦૪** થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. જેમા તેમણે ફરીયાદ મુજબની તમામ હકકીતો જણાવી પોતાની ફરીયાદને સમર્થન આપેલ છે. અને ફરીયાદીએ પોતાની ફરીયાદના સમર્થનમાં ઉપરોકત જણાવેલ દસ્તાવેજી પુરાવા **આંક–૧૫ થી ૨૨** સુધી રજુ કરેલ છે. જેથી ફરીયાદ હકીકતો અને રેકર્ડ પરના પુરાવા જોતા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ ની જોગવાઈ મુજબ જયાં સુધી વિપરીત હકીકત સાબિત ન થાય ત્યાં સુધી ફરીયાદીની તરફેણમા હાલનો ચેક લેણી રકમની જવાબદારી પેટે આરોપી ધ્વારા આપવામા આવેલ હતો તેમ ધારણા કરી શકાય તેમ છે.

જયારે આરોપી ધ્વારા બચાવની ચર્ચા કરવામાં આવે તો, આરોપીને રજી. એડી. નોટીસની બજવણી થયા બાદ નોટીસનો જવાબ આપી પ્રાથમીક કોઈ બચાવ લીધેલ નથી. તેમજ હાલની ફરીયાદના કામે રેકર્ડ જોતા આરોપીને તક મળેલ હોવા છતા ફરીયાદીની ઉલટતપાસ કરવાની કોઈ તૈયારી બતાવેલ નથી. ત્યારબાદ ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થતા આરોપીનુ વિશેષ નિવેદન નોંધવા માટે સદર કેસ રાખવામા આવેલ પરંતુ આરોપી કે તેના વિ.વ.શ્રી હાજર ન હોય ફરીયાદ પક્ષ દવારા **આંક–૩૨** થી એફ.એસ.નો હકક બંધ કરવા માટે અરજી આપવામા આવેલ જે લગત હુકમ કરી વિશેષ નીવેદનનો હકક હાજર થયેથી અબાધીત રાખી કામ આગળ ચલાવવાનો હુકમ કરવામા આવેલ.આમ, આરોપીએ તેને મળેલ બચાવ રજુ કરવાના હકકોનો ઉપયોગ કરેલ નથી.

આથી, રેકર્ડ પરનો પુરાવો જોતા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ ની જોગવાઈ મુજબ જયા સુધી વિપરીત હકીકત સાબિત ન થાય ત્યાં

સુધી ફરીયાદીની તરફેણમા હાલનો ચેક લેણી રકમની જવાબદારી પેટે આરોપી ધ્વારા આપવામાં આવેલ હતો તેમ ધારણા કરી શકાય તેમ છે.

(૧૨) આમ, **આંક–૧૫** વાળો ચેક આરોપીએ કાયદેસરના દેવા બદલ બોજામાંથી મુક્ત થવા માટે ફરીયાદીને આપેલ છે તેવુ કલમ–૧૩૯ અન્વયે આ અદાલત અનુમાન કરવા પ્રેરાય છે. આનાથી વિરુધ્ધનુ પુરવાર કરવાનો બોજો આરોપી ઉપર છે પરંતુ આરોપી તરફે ફરીયાદના પુરાવાનું ખંડન કરવાના કોઈ પ્રયત્નો કરવામાં આવેલ નથી. વધુમા ફરીયાદ વાળો ચેક સમય મર્યાદામા બેંકમા જમા કરાવેલ હોવાનુ, જે ચેક જમા કરાવ્યા બાદ ડીસઓનર થતા પરત આવેલ હોવાનુ, આરોપીને રજીસ્ટર એડી.થી મોકલેલ ડીમાન્ડ નોટીસની બજવણી થયેલ હોવા છતા આરોપીએ ફરીયાદીને કોઈ રકમ ચુકવી આપેલ ન હોવાનુ સાબીત થાય છે. જયારે કહેવાતા **આંક–૧૫** વાળા ચેકમાં આરોપીએ સહી કરી આપેલ ન હોવા અંગે કોઇ બચાવ બચાવપક્ષે લીધેલ નથી તેથી હાલની ફરીયાદ કાયદા મુજબ દાખલ હોય, ફરીયાદપક્ષના પુરાવાના આધારે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૯ મુજબ હાલનો ચેક આરોપીએ કાયદેસરના લેણા માટે આપેલ હતો તેમ માની શકાય તેમ છે અને તે પ્રીઝમ્પ્શનનું આરોપીપક્ષ ધ્વારા કોઈ ખંડન થયેલ નથી.

(૧૩) આ તબકકે અત્રે એ પણ નોંધવુ જરૂરી છે કે, આ કામે આરોપીએ ખુદ પોતાની જાતે, પોતાની મરજીથી ઈન્સાફી કાર્યવાહીમાં તેને મળતી બચાવની તકોનો ઉપયોગ કરેલ નથી.

આ સંજોગોમાં નામદાર સર્વોચ્ચ અદાલતનો **Indian Bank Association and others Versus Union of India and others, reported in AIR 2014, SC 2528** નો ચુકાદો ધ્યાને લેવો જરૂરી છે. જેના **પેરા ૨૧ ના સબ પેરા (૪)** માં આરોપી અદાલતમાં હાજર થાય તો તુરંત બચાવનો પુરાવો લેવો જોઈશે અને જો આરોપી માંગણી કરે કે તેને ફરીયાદી કે તેના કોઈ સાક્ષી કે જેની સોગંદ પર જુબાની

રેકર્ડમાં છે તેની ઉલટતપાસ કરવી છે અને તેવી અરજી આપે તો જ તેવા ફરીયાદી કે સાહેદને ઉલટતપાસ માટે બોલાવવા જોઈશે તેવુ સ્પષ્ટ ડાયરેકશન આપેલ છે.

આમ, આરોપીએ ફરીયાદીની તરફેણમાં રહેલા પ્રિઝમ્પ્શનને રીબર્ટ કરવાનું છે અને તેના પછી જ ઓનસ ફરીયાદીપક્ષ ઉપર સીફ્ટ થાય છે.

**(૧૪)** આમ, ઉપરોકત વિગતવારની ચર્ચા ધ્યાને લેતા ફરીયાદમા જણાવેલ નાણાંકીય વ્યવહારનો બચાવપક્ષ ખંડન કરી શકેલ ન હોય, ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર કરવામા સફળ થયેલ હોય, મુદા નં.૧ નો જવાબ હકારમાં આપી, આરોપીને ધી નોગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ ના આક્ષેપો સબબ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) મુજબ તકસીરવાન ઠરાવુ છું અને સદર કેસ સમન્સ ટ્રાયેબલની પધ્ધતીથી ચાલેલ છે તેથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫ મુજબ આરોપીપક્ષને સજા બાબતે સાંભળવા આવશ્યક નથી. જેથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૩(૬) ની જોગવાઈમાં એવો પ્રબંધ કરવામાં આવેલ છે કે, અદાલત આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરી શકશે. આ ઉપરાંત નામદાર ગુજરાત હાઈકોર્ટે સરકયુલર નં.સી/૨૬૧૮/૨૦૧૬,તા.૦૫/૦૭/૨૦૧૬ થી આરોપીઓ સામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૯ અને ૩૫૩(૬) મુજબ કાર્યવાહી કરવાનો આદેશ આપેલ છે.

**(૧૫)** જેથી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળના ગુન્હાની સજાની જોગવાઈ ધ્યાને લઈએ તો આરોપી વિરૂધ્ધનો ગુનો સાબિત થયેથી આરોપીને બે વર્ષ સુધીની કેદની શિક્ષા અથવા ચેકની રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા બંને કરી શકાશે. આ કામે બનેલ ગુન્હો જોવામાં આવે તો, સદરહુ ગુન્હો આર્થિક ગુન્હો ગણી શકાય. હાલના સંજોગોમાં આવા પ્રકારના ગુન્હાઓ વધવા પામેલ છે જેના લીધે ચેક રીટર્ન થતા ચેક સામેની વિશ્વસનીયતા જોખમાય છે જેના કારણે ધંધાકીય પરિબળ તથા અર્થતંત્ર પર તેની વિપરીત અસર પડે છે. જયારે સદરહુ ગુન્હો આર્થિક ગુન્હો હોય અને ફરીયાદીનો મુખ્ય આશય આરોપીને સજા કરાવવા કરતા પોતાના નાણા

મેળવવા અંગેનો હોય છે તેમજ કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે ચેક રીટર્ન કેસોમા ભોગ બનનારને વળતર અપાવવુ જોઈએ. આમ તમામ હકીકતો તથા સંજોગો ધ્યાને લઈ તેમજ આરોપીની રેકર્ડ પરથી જણાઈ આવતી વર્તણુંક ધ્યાને લઈ, મુદા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧) આરોપી મહમદહનીફ બાનુશા ફકીર, ઉ.વ.આ.૫૩, ધંધો–વેપાર, રહે.એફ.એમ. સિઝનેબલ સ્ટોર, બોરડી બજાર, ટાવર પાસે, વિરમગામ વાળાને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના સજાને પાત્ર ગુન્હામા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) હેઠળ તકસીરવાન ઠરાવવામા આવે છે અને આરોપીને ૦૧(એક) વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) વધુમા, આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭(૩) મુજબ રૂા.૪,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા ચાર લાખ પુરા) વળતર પેટે ફરીયાદીને ક્રિમીનલ મેન્યુઅલ પેરા–૨૦૯ મુજબ બે માસમા ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) જો આરોપી ઉપર મુજબની વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો આરોપીએ વધુ ૦૩(ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. આ કામના આરોપી ધ્વારા અગાઉ કોઈ બેઈલ બોન્ડ રજુ કરવામાં આવેલ હોય તો તે આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના આરોપીએ સદરહુ કેસના કામે જો અગાઉ કોઈ સજા ભોગવેલ હોય તો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ ભોગવેલ સજા મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૩(૧) મુજબ આરોપીને હુકમની નકલ હાજર થયેથી વિના મુલ્યે આપવી.

(૬) તકસીરવાન સામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૧૮(૨) મુજબ કલમ–૭૦ મુજબનુ પકડ વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે તથા આરોપી કોર્ટ રૂબરૂ હાજર થયેથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૧૮(૧) મુજબ જરૂરી જેલ વોરંટ ભરી તકસીરવાનને જેલમાં મોકલવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) વોરંટની બજવણી માટે જરૂરી યાદી સાથે કલમ–૭૦ મુજબનું વોરંટ સંલગ્ન પોલીસ સ્ટેશનને મોકલી તકસીરવાનને કોર્ટ સમક્ષ હાજર રખાવવા જરૂરી યાદી કરવા હુકમ કરવામાં આવે છે.

આજરોજ હુકમ તારીખ : ૩૦, માહે : સપ્ટેમ્બર, સને : ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૩૦/૦૯/૨૦૨૫ (પાર્થ મહાવીંરસિંહ ઝાલા)
સુરેન્દ્રનગર. એડી.જ્યુડી.મેજી.ફ.ક.
સુરેન્દ્રનગર.
(સ્ટેનો:દર્શન એ. દેસાણી) જીજે.૦૧૭૪૦